### પાલિકાના 'કાગળ પરના દાવા' ચોમાસા પહેલાં જ ધોવાયા

# ૯૦% પ્રી-મોન્સૂન કામગીરી પૂર્ણ છતાં શહેરમાં પૂરનું સંકટ!

**અધિકારીઓએ નવા મેયરને આંકડાની માયાજાળમાં ભોળવ્યા : મોતના ખાડાઓ વડોદરામાં મોટી હોનારતને આપી રહ્યા છે ખુલ્લું આમંત્રણ**



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસા પૂર્વેની તૈયારીઓને લઈને મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પાલિકાના તંત્ર દ્વારા શહેરમાં પ્રી-મોન્સૂનની કામગીરી 90 ટકા જેટલી પૂર્ણ થઈ ગઈ હોવાનો સત્તાવાર દાવો કરાયો છે. એટલું જ નહીં, વડોદરાના નવનિયુક્ત મેયરને પણ અધિકારીઓએ આ આંકડાઓ બતાવીને ગેરમાર્ગે દોર્યા હોય અને મેયરે પણ કશું જ વેરિફિકેશન કર્યા વિના આંખો બંધ કરીને આ વાત માની લીધી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા ગ્રાઉન્ડ ઝીરો પર તદ્દન અલગ અને બિહામણી છે. પાલિકાના આ તમામ દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત હોય તેમ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે, કારણ કે શહેરના અનેક વિસ્તારોમાં હજુ પણ ચોમાસાને આવકારવાની કોઈ જ તૈયારી દેખાતી નથી. હવામાન વિભાગની આગાહી મુજબ આ વર્ષે ચોમાસું વહેલું બેસવાનું છે અને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, તેમ છતાં પાલિકા તંત્ર ઘોર નિદ્રામાં છે. વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી કેટલીક મુખ્ય કાંસોમાં હજુ સુધી સફાઈ જ કરવામાં આવી નથી. કાંસોમાં કચરો અને કાદવના ગંજ જસના તસ જોવા મળી રહ્યા છે. જો પ્રારંભિક તબક્કામાં જ ભારે વરસાદ ખાબકશે, તો આ અધૂરી સફાઈના કારણે શહેરમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાશે તે નક્કી છે. સ્થાનિક રહીશોમાં અત્યારથી જ ભયનો માહોલ છે કે પાલિકાની આ આળસ આખા શહેરને ડુબાડશે. બે દિવસ અગાઉ રાત્રિના સમયે શહેરમાં અચાનક વાતાવરણ પલટાયું હતું અને સામાન્ય વરસાદી ઝાપટું પડ્યું હતું. આ સામાન્ય વરસાદમાં જ પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના લીરેલીરા ઉડી ગયા હતા. એમ. એસ. યુનિવર્સિટી પાસે એક વિશાળ વટવૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું, જેના કારણે યુનિવર્સિટીની મજબૂત દીવાલ પણ તૂટી પડી હતી. સદનસીબે આ ઘટના રાત્રિના સમયે બની હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આ ઘટનાએ પાલિકાને જગાડવા માટે મોટો આંચકો આપ્યો છે. હજુ પણ શહેરના અનેક માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઘેઘૂર અને જોખમી વૃક્ષોનું ટ્રીમિંગ કરવામાં આવ્યું નથી. જો વાવાઝોડા સાથે વરસાદ આવશે તો અનેક વૃક્ષો ધરાશાયી થવાની અને તેના કારણે જાનમાલનું મોટું નુકસાન થવાની પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે. શહેરમાં પ્રી-મોન્સૂનની નબળી કામગીરી માત્ર કાંસ કે વૃક્ષો પૂરતી મર્યાદિત નથી. વડોદરાના જુદા જુદા વિસ્તારોમાં પાણી અને ડ્રેનેજ લાઈનો નાખવા માટે મહિનાઓ પહેલાં ખોદવામાં આવેલા ખાડાઓ હજુ સુધી સરખા પૂરવામાં આવ્યા નથી. ચોમાસામાં આ ખાડાઓમાં પાણી ભરાતા જ તે જીવલેણ સાબિત થઈ શકે છે.

**તંત્ર કાગળ પર સબળ, ગ્રાઉન્ડ પર નબળું!**

વડોદરા કોર્પોરેશનના અધિકારીઓ એસી ચેમ્બરમાં બેસીને 90% પ્રી-મોન્સૂન કામગીરીના જે આંકડાઓ રજૂ કરે છે, તેનાથી જનતામાં ભારે આક્રોશ છે. નવા બનેલા મેયર પણ અધિકારીઓની વાતોમાં આવી ગયા છે, જ્યારે પ્રજા ભયના ઓથાર હેઠળ જીવી રહી છે. કાંસની અધૂરી સફાઇ, ન કપાયેલા વૃક્ષો, રસ્તા વચ્ચે મોતના કૂવા જેવા ખુલ્લા ખાડા અને માથા પર ઝઝૂમતી જર્જરિત બિલ્ડિંગો સાક્ષી પૂરે છે કે પાલિકા સજ્જ નથી, પણ લાચાર છે. ચોમાસાના પ્રારંભે જ જો કોઈ મોટી દુર્ઘટના ઘટશે, તો તેની જવાબદારી કોની રહેશે? શું નવા મેયર કાગળ પરના આંકડા છોડીને ક્યારેય વાસ્તવિકતા જોવા રસ્તા પર ઉતરશે ખરા?

### ૧૫ જૂનથી નવું સત્ર,દિવાળી વેકેશન ૨૧ દિવસ

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે કોમન એકેડેમિક કેલેન્ડર જાહેર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

શિક્ષણ વિભાગ હેઠળની સર્વ સરકારી યુનિવર્સિટીઓના મેડિકલ, ઈજનેરી, ફાર્મસી અને પ્રોફેશનલ કોર્સિસ સિવાયના અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ 2026-27નું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવ્યું છે. ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા 26 મે, 2026ના રોજ આ બાબતે પરિપત્ર જાહેર કરાયો છે. યુજી સેમેસ્ટર 3 અને 5 તથા પીજી સેમેસ્ટર 3નું શૈક્ષણિક કાર્ય તા.15 જૂન 2026થી શરૂ થશે અને પ્રથમ સત્ર તા.07 નવેમ્બર સુધી ચાલશે. આ સત્ર 120 દિવસનું રહેશે. જ્યારે યુજી સેમેસ્ટર 1 અને 7 તથા પીજી સેમેસ્ટર 1નું સત્ર તા.02 જુલાઈથી શરૂ થશે. યુનિવર્સિટીઓની આંતરિક મૂલ્યાંકન સહિતની પરીક્ષા તા.08 ઓક્ટોબરથી તા.07 નવેમ્બર 2026 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. દિવાળી વેકેશન તા.07 નવેમ્બર 2026થી તા.27 નવેમ્બર સુધી 21 દિવસનું રહેશે. જીટીયુ સહિત ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોને પણ આ વેકેશન સમાન રહેશે. પ્રથમ સત્ર તા.07 નવેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. દ્વિતીય સત્ર યુજી સેમેસ્ટર 2, 4, 6 અને 8 તથા પીજી સેમેસ્ટર 2 અને 4 માટે તા.03 માર્ચ થી તા.10 જુલાઈ 2027 સુધી રહેશે. આ સત્ર 113 દિવસનું રહેશે. આંતરિક તેમજ યુનિવર્સિટી પરીક્ષા તા.25 મેં 2027 થી તા.27 જૂન 2027 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. દ્વિતીય સત્ર તા.25 જૂન 2027 સુધીમાં પૂર્ણ થશે. ઉનાળુ વેકેશન યુનિવર્સિટી માટે તા.28 એપ્રિલ 2027થી તા.11 જૂન 2027 સુધી 45 દિવસનું અને કોલેજો માટે તા.11 મે 2027થી તા.11 જૂન 2027 સુધી 32 દિવસનું રહેશે. નવું શૈક્ષણિક સત્ર 2027-28 તા.15 જૂનથી શરૂ કરવામાં આવશે. આંતરિક પરીક્ષાઓ યુનિવર્સિટીના માળખા તેમજ ધારાધોરણો મુજબ લેવાની રહેશે. યુજીસીની ગાઈડલાઈન મુજબ દરેક યુનિવર્સિટીએ 5 દિવસના અઠવાડિયા મુજબ શૈક્ષણિક કામગીરી ચાલુ રાખવાની રહેશે.

### અત્યાર સુધીમાં ૧,૧૧૯ અરજી

# CUGનું PG પ્રવેશ રજિસ્ટ્રેશન આગામી ૭ જૂન સુધી લંબાવાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય દ્વારા શૈક્ષણિક સત્ર 2026-27 માટેના સ્નાતકોત્તર કાર્યક્રમોમાં પ્રવેશ માટેની ઓનલાઈન કાઉન્સેલિંગ સહ રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ લંબાવીને 7 જૂન, 2026 રાત્રિ 11:55 વાગ્યા સુધી કરવામાં આવી છે. આ પ્રવેશ પ્રક્રિયા રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી એનટીએ દ્વારા આયોજિત સિયુઈટી પીજી 2026 પરીક્ષા આપનાર ઉમેદવારો માટે જ ખુલ્લી છે. વિશ્વવિદ્યાલય માનવિકી, સામાજિક વિજ્ઞાન, શિક્ષણ, પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન તથા વિજ્ઞાન સંકાય હેઠળના 20 જેટલા સ્નાતકોત્તર કાર્યક્રમોમાં પ્રવેશ આપે છે. પ્રવેશ સમિતિ 2026-27ના અધ્યક્ષ પ્રો. સંજીવકુમાર દુબેએ જણાવ્યું કે, દેશભરના વિદ્યાર્થીઓ તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો છે. 1 જૂન, 2026 સુધીમાં 1,119 સશુલ્ક ઓનલાઈન અરજી મળી ચૂકી છે. પ્રો. દુબેએ કયુએટ પીજી 2026 પાસ કરેલા અને સીયુજીમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છુક ઉમેદવારોને અંતિમ તારીખ પહેલાં રજિસ્ટ્રેશન પૂર્ણ કરવા અપીલ કરી છે. તેમણે ઉમેર્યું કે, વિશ્વવિદ્યાલય વિદ્યાર્થીઓને ઉત્તમ શૈક્ષણિક વાતાવરણ, અનુભવી પ્રાધ્યાપકો, આંતરવિષયક અભ્યાસના અવસર તથા મજબૂત સંશોધન સંસ્કૃતિ પ્રદાન કરે છે. ઉમેદવારોએ રૂ.100 ફી ચૂકવી ઓનલાઈન કાઉન્સેલિંગ સહ-રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિશ્વવિદ્યાલય પોતાની વેબસાઈટ પર મેરિટ યાદી પ્રકાશિત કરશે. પાત્રતા માપદંડ, કાર્યક્રમ-વિશિષ્ટ આવશ્યકતાઓ તથા પ્રવેશ પ્રક્રિયા સંબંધિત વિગતવાર માહિતી વિશ્વવિદ્યાલયની વેબસાઈટ અને પ્રવેશ પોર્ટલ પર ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ 7 જૂન, 2026 રાત્રે 11:55 વાગ્યા સુધીની છે.

## લોનના નામે રૂ. 86 લાખની ઠગાઈ કરનારો બે વર્ષથી વોન્ટેડ ઝડપાયો

વડોદરાઃ વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદીઓના નામે લીધેલ લોનના હપ્તા ન ભરી કુલ રૂ. 86 લાખની ઠગાઈ કરવાના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢ્યો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમી આધારે આજવા રોડ સયાજીપાર્ક ખાતેથી અંશુ વિનોદભાઈ શર્મા ઉ.વ.30, રહે. જયઅંબેનગર, આજવા રોડને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં જણાયું કે આ ઈસમ સને-2024માં જે.પી. રોડ પો.સ્ટેશનમાં નોંધાયેલ ઠગાઈના ગુનામાં સંડોવાયેલો હતો અને આ ગુનામાં ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. આરોપી સામે નામદાર કોર્ટ તરફથી વોરંટ પણ ઈશ્યૂ થયેલું હતું. આરોપીને વધુ તપાસ માટે જે.પી. રોડ પોલીસ સ્ટેશનને સોંપેલ છે. સને-2024માં આરોપી રાજીવ ચૌબેએ વડોદરાના અક્ષરચોક સિગ્નેટ હબ ખાતે MONEY SOLUTION નામે કંપનીની ઓફિસ ચલાવી લોન એજન્ટ હોવાનું જણાવી ફરિયાદી તથા આર્થિક સંકળામણ અનુભવતા લોકોને છેતર્યા હતા.

### દર સોમવારે નો વ્હીકલ ડે,પર્યાવરણ બચાવવાની અનોખી પહેલ

# MSUના VC ઈલેક્ટ્રિક બાઈક પર, રજિસ્ટ્રાર ચાલતા પહોંચ્યા કેમ્પસ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે એક અનોખી પહેલ શરૂ કરી છે. હવેથી દર સોમવારે યુનિવર્સિટી કેમ્પસમાં વ્હીકલ ડે એટલે કે નો વ્હીકલ ડે ઉજવાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને કરેલી ઈંધણ બચાવવાની અપીલ બાદ યુનિવર્સિટી દ્વારા આ અંગે પરિપત્ર જાહેર કરીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. નો વ્હીકલ ડે આ પહેલનો શુભારંભ ખુદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર ભાણગેએ કર્યો. તેઓ સોમવારે સવારે ઈલેક્ટ્રિક બાઈક પુલિંગ કરીને કેમ્પસ પહોંચ્યા હતા. તેમની સાથે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. કે.એમ. ચુડાસમા પણ નો વ્હીકલ ડેને સમર્થન આપતાં ચાલતા



ચાલતા હેડ ઓફિસે પહોંચ્યા હતા. યુનિવર્સિટીના ટોચના અધિકારીઓએ જાતે ઉદાહરણ પૂરું પાડતાં આ અભિયાનને વેગ મળ્યો છે. યુનિવર્સિટી દ્વારા તમામ કર્મચારીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને દર સોમવારે વ્યક્તિગત પેટ્રોલ-ડીઝલ વાહનોનો ઉપયોગ ટાળવા અપીલ કરવામાં આવી છે. તેના બદલે કાર-બાઈક પુલિંગ અપનાવવું, શક્ય હોય ત્યાં સુધી પગપાળા ચાલીને આવવું અથવા જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા પર ભાર મૂકાયો છે. વાઈસ ચાન્સેલર પ્રો. ભાણગેએ જણાવ્યું કે, આ પહેલનો મુખ્ય હેતુ માત્ર ઈંધણની બચત કરવાનો નથી, પરંતુ વધતા જતા વાયુ પ્રદૂષણને અટકાવીને પર્યાવરણને સ્વચ્છ અને સુરક્ષિત બનાવવાનો છે. જો આપણે સૌ નાનું યોગદાન આપીએ તો મોટો બદલાવ લાવી શકાય છે. તેમણે આશા વ્યક્ત કરી કે આગામી સોમવારથી વધુને વધુ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ આ અભિયાનમાં સ્વયંભૂ જોડાશે અને એમએસયુની આ પહેલ રાજ્યભરની શૈક્ષણિક સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બનશે. નોંધનીય છે કે, દેશમાં વધતી જતી વાહનોની સંખ્યા અને ઈંધણની આયાતને કારણે પર્યાવરણ તેમજ અર્થતંત્ર પર ભારણ વધ્યું છે. એમએસયુની આ પહેલ લાઈફસ્ટાઈલ ફોર એન્વાયર્નમેન્ટ મિશનને વેગ આપનારી સાબિત થશે.

### સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

# માંજલપુરના ઈવા મોલના ગેમ ઝોનમાં બોલ વાગતા યુવાન ઘાયલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.1

શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા એક જાણીતા મોલના ગેમ ઝોનમાં રમત-રમતમાં એક યુવક ઈજાગ્રસ્ત બન્યો હોવાની ઘટના સામે આવી છે. મોલમાં રમાતી રમત દરમિયાન અચાનક માથાના ભાગે બોલ વાગતા યુવકને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.

આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, વડોદરાના માંજલપુર વિસ્તારમાં તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલી પાર્થભૂમિ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો અંકિત નામનો યુવક ગત રોજ સાંજના સમયે ઘર નજીક આવેલા ઈવા મોલ ખાતે ગયો હતો. મોલમાં આવેલા ગેમ ઝોનમાં તે અન્ય મિત્રો કે મુલાકાતીઓ સાથે રમત રમી રહ્યો હતો.

આ આનંદ-પ્રમોદના વાતાવરણ વચ્ચે અચાનક એક બોલ ખૂબ જ વેગ સાથે અંકિતના માથાના ભાગે વાગ્યો હતો. ઈજાગ્રસ્ત અંકિતને તાબડતોબ શહેરની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તાત્કાલિક ધોરણે તેની તપાસ કરી સારવાર શરૂ કરી દીધી હતી.

રાહતની વાત એ છે કે, યુવક હાલ સંપૂર્ણ ભાનમાં છે. નોંધનીય છે કે, મોલના ગેમ ઝોનમાં આવી ઘટનાઓ બાદ સામાન્ય રીતે સુરક્ષાના સાધનો અને ત્યાં રાખવામાં આવતી તકેદારી પર સવાલો ઉભા થતા હોય છે. આ ઘટનામાં રમત દરમિયાન સુરક્ષાના માપદંડો જળવાયા હતા કે નહીં, અથવા યુવકે સેફ્ટી ગીયર પહેર્યા હતા કે નહીં તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર વિગત સામે આવી નથી.

### વૃદ્ધના માથામાં ગંભીર ઈજા થતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા

# જાંબુવા હાઈવે પર આઈસરે સાયકલ સવાર વૃદ્ધને કચડ્યા : ચાલક ફરાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પર જાંબુવા બ્રિજ પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. પુરપાટ ઝડપે આવી રહેલા આઈસરના ચાલકે સાયકલ પર જઈ રહેલા એક વૃદ્ધને જોરદાર ટક્કર મારી હતી અને અકસ્માત સર્જીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં આઈસરની ટક્કર એટલી જોરદાર હતી કે વૃદ્ધ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત જોઈને આસપાસના રાહદારીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે શહેરની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું



છે. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, આઈસર ચાલકે સાયકલ સવારને ટક્કર માર્યા બાદ વાહન રોક્યા વિના જ નાસી છૂટ્યો હતો. પોલીસે ફૂટેજના આધારે આઈશરનો નંબર મેળવીને ફરાર ચાલકની શોધખોળ શરૂ કરી છે. દિવસે ને દિવસે નેશનલ હાઈવે પર અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. આ હિટ એન્ડ રનની ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક લોકોએ હાઈવે પર સ્પીડ લિમિટ અને પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે.

પોલીસે અજાણ્યા આઈશર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### એપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ,ટેકનિકલ મુશ્કેલી ટાળવા નિર્ણય

# RTOમાં આજથી AI આધારિત ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ

**પ્રારંભિક** ધોરણે કાર્યરત થનારા એઆઈ ટેસ્ટ ટ્રેક માટે તંત્ર સજ્જ

**જાહેર** જનતાને સહકાર આપવા અપીલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, દરજીપુરા, વડોદરા દ્વારા એક મહત્વની અખબારી યાદી જાહેર કરવામાં આવી છે. તા.2 ના રોજથી વડોદરા આરટીઓ ખાતે એઆઈ આધારિત ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત થનાર છે. આરટીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે. કામગીરી પ્રારંભિક ધોરણે કાર્યરત થનાર હોય કોઈ ટેક્નિકલ બાબતની મુશ્કેલી ન સર્જાય તે હેતુસર 2 જૂન ના રોજની મોટા ભાગના અરજદારોની એપોઈન્ટમેન્ટ રિશિડ્યુલ કરવામાં આવેલ છે. જે અરજદારોની 2 જૂન 2026ની ડ્રાઈવિંગ ટેસ્ટની એપોઈન્ટમેન્ટ હતી, તેઓએ હવે નવી રિશિડ્યુઅલ થયેલ એપોઈન્ટમેન્ટ મુજબ જ ડ્રાઈવીંગ ટેસ્ટ અર્થે આરટીઓ કચેરીએ આવવાનું રહેશે. નવી તારીખ અને સમયની જાણ અરજદારોને એસએમએસ/ઈમેલ દ્વારા કરવામાં આવશે. આરટીઓ એ તમામ જાહેર જનતાને આ ફેરફારની નોંધ લેવા તથા સહકાર આપવા વિનંતી કરી છે. નવા ઓટોમેટેડ ટ્રેક પર સેન્સર અને એઆઈ કેમેરાની મદદથી ડ્રાઈવિંગ ટેસ્ટ લેવામાં આવશે. વાહનની ગતિ, પાર્કિંગ, ઢાળ પર વાહન કંટ્રોલ, સિગ્નલ પાલન જેવા તમામ માપદંડોનું મૂલ્યાંકન માનવ હસ્તક્ષેપ વિના ઓટોમેટિક થશે, જેનાથી પારદર્શિતા વધશે.

### શાળાઓએ હોલટિકિટ પર આચાર્યના સહી-સિક્કા કરવા ફરજિયાત

# ધો.૧૦,૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહ,સંસ્કૃત પ્રથમા-મધ્યમાની પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

**બોર્ડની વેબસાઇટ** પરથી ઇન્ડેક્સ નંબર અને રજિસ્ટર્ડ મોબાઈલ ઇમેલથી લોગિન કરી ડાઉનલોડ કરાશ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-2026માં લેવાયેલી બોર્ડની પરીક્ષામાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે પૂરક-2026 પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમા તથા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉ. ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા તા.11 થી શરૂ થશે.

શાળા દ્વારા શાળાનો જે-તે ધોરણ તથા પ્રવાહનો ઈન્ડેક્સ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી દાખલ કરી લોગિન કરીને હોલટિકિટ ડાઉનલોડ કરવાની રહેશે.

પ્રિન્ટ કાઢ્યા બાદ પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, વર્ગ શિક્ષકની સહી તથા નિયત જગ્યાએ આચાર્યની સહી-સિક્કા અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે કરવા ફરજિયાત છે. હોલટિકિટની પાછળના ભાગે જે-તે ધોરણ તથા પ્રવાહ માટેની પરીક્ષાની સૂચના પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને આચાર્યશ્રીની સહી સાથે આપવાની રહેશે.

વિતરણ યાદીમાં હોલટિકિટ તથા સૂચનાપત્ર આપ્યા બદલની પરીક્ષાર્થીની સહી લેવાની રહેશે. પરીક્ષાર્થીના આવેદનપત્ર તથા હોલટિકિટમાં દર્શાવેલ વિષય/વિષયો બાબતે કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે સંબંધિત શાખાનો જરૂરી આધારો સાથે દિન-3માં રૂબરૂમાં સંપર્ક કરવાનો રહેશે.

નોંધમાં જણાવ્યા મુજબ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર પૂરક-2026 પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે શિક્ષકોના નિમણુંક પત્ર પણ હોલટિકિટ સાથે ઓનલાઈન જ મોકલી આપવામાં આવેલ છે. શાળાએ તે ડાઉનલોડ કરી નિયત શિક્ષકને સોંપવાના રહેશે અને નિમણૂકપત્રની વિતરણ યાદીમાં સહી મેળવી રેકોર્ડ રાખવાનો રહેશે. બોર્ડે તમામ આચાર્યો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

**નારી શક્તિ** કેરટેકર મહિલા પર જીવલેણ હુમલો, જાંબાઝ પ્રતિરોધથી એક આરોપી રંગેહાથ ઝડપાયો

# ઘાયલ મહિલાએ હુમલાખોરને પકડી પાડ્યો : સાગરિત ફરાર

**લક્ષ્મીપુરા** પોલીસે ફરાર સાગરિતની શોધખોળ તેજ કરી, મહિલાની બહાદુરીને સલામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

વડોદરાના લક્ષ્મીપુરા વિસ્તારમાં ગત રાત્રે બનેલી એક ઘટનાએ નારી શક્તિની અદમ્ય હિંમત અને સાહસનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. બે હુમલાખોરો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવા છતાં એક કેરટેકર મહિલાએ હિંમત હારવાને બદલે હુમલાખોરોનો બહાદુરીપૂર્વક સામનો કરી એક આરોપીને રંગેહાથ પકડી પાડી પોલીસને સોંપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, લક્ષ્મીપુરા વિસ્તારમાં કેરટેકર તરીકે ફરજ બજાવતી મહિલા પર બે અજાણ્યા શખ્સોએ અચાનક હુમલો કર્યો હતો. હુમલામાં મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની હતી અને લોહીલુહાણ હાલતમાં આવી ગઈ હતી. જોકે, ગંભીર ઈજાઓ છતાં મહિલાએ ધીરજ અને હિંમત ગુમાવ્યા વગર હુમલાખોરો સામે જબરદસ્ત પ્રતિરોધ કર્યો હતો.




આ દરમિયાન મહિલાએ પોતાની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરીને એક હુમલાખોરને મજબૂત પકડમાં લઈ લીધો હતો. હુમલાખોર છટકવાનો પ્રયાસ કરતો રહ્યો, પરંતુ મહિલાએ તેને છોડ્યો નહોતો. સાથે જ મહિલાની બૂમાબૂમ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

સ્થાનિક લોકોની મદદથી મહિલાની પકડમાં રહેલા આરોપીને કાબૂમાં લેવામાં આવ્યો હતો, જ્યારે તેનો સાગરિત અંધારાનો લાભ લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં લક્ષ્મીપુરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને લોકોએ પકડી રાખેલા આરોપીને પોલીસના હવાલે કર્યો હતો.

પોલીસે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી અને પકડાયેલા આરોપીની પૂછપરછ શરૂ કરી છે. હુમલાનો હેતુ શું હતો તેમજ ફરાર આરોપીની ઓળખ અને સંડોવણી અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં બહાદુર કેરટેકર મહિલાની હિંમત અને હાજરજવાબીની પ્રશંસા થઈ રહી છે. ગંભીર ઈજાઓ વચ્ચે પણ હુમલાખોર સામે ઝૂક્યા વગર તેને પકડી પાડવાની ઘટનાએ નારી શક્તિનું એક પ્રેરણાદાયી ઉદાહરણ સમાજ સમક્ષ રજૂ કર્યું છે.

### જૂના સ્ટીલ ગર્ડર્સને બદલે પીએસસી સ્લેબથી લગાવ્યા

# વરણામા-ઈંટોલા સેક્શન પર પુલના સ્ટીલ ગર્ડર્સને બદલવાનું કામ પૂર્ણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા સુરત-વડોદરા સેક્શન પર વરનામા અને ઈંટોલા સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર 567 અપ અને ડાઉન લાઈન પર સ્ટીલ ગર્ડર્સને બદલે પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ સ્લેબથી લગાવવાનું મહત્વપૂર્ણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ કાર્ય આયોજિત જાળવણી બ્લોક્સ દરમિયાન અત્યંત કાળજી અને કુશળતા સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું, જેના પરિણામે રેલ પરિચાલન પર ઓછામાં ઓછી અસર પડી હતી. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ ત્રણ-સ્પેન 12.2 મીટર દરેક વાળા આ પુલ પર પીએસસી સ્લેબ સ્થાપિત કરવા માટે 500 ટન અને 450 ટનની ક્ષમતા ધરાવતી બે ઉચ્ચ-





ક્ષમતાવાળી ક્રેનો ની સાથે અલગ-અલગ સ્પેન પર કામ માટે તૈનાત કરવામાં આવી હતી. ઉત્તમ સંકલન અને સુઆયોજિત કાર્યપ્રણાલી ના પરિણામસ્વરૂપ તમામ કાર્ય નિર્ધારિત સમયમાં પૂર્ણ થયું અને બધા બ્લોક સમયસર પુનઃસ્થાપિત કરવામાં આવ્યા. જૂના સ્ટીલ ગર્ડર્સને બદલે પીએસસી સ્લેબથી લગાડવા થી પુલની માળખાકીય મજબૂતાઈ અને ટકાઉપણું નોંધપાત્ર રીતે વૃદ્ધિ થશે. આ સાથે કાટ લાગવાની સમસ્યામાં પણ ઘટાડો આવશે, જાળવણીની જરૂરિયાતો ઘટાડશે અને પુલની સેવા જીવન લંબાવશે. આ અપગ્રેડ રેલ પરિચાલનની સુરક્ષા, વિશ્વસનીયતા અને કાર્યક્ષમતામાં વધુ વધારો કરશે. આ મહત્વપૂર્ણ કાર્યોનું સફળ પૂર્ણતા પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનની સુરક્ષિત, વિશ્વસનીય અને આધુનિક રેલ માળખાગત સુવિધા વિકસાવવા માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પશ્ચિમ રેલ્વેનો વડોદરા વિભાગ મુસાફરો અને માલવાહક સેવાઓને વધુ સુરક્ષિત અને સરળ બનાવવા માટે નિરંતર માળખાગત અપગ્રેડેશન અને જાળવણીના કાર્યોને સતત પ્રાથમિકતા આપી રહ્યો છે.